# ગાંધીનગરની ડૉ. કૌષાએ કેનેડામાં ગૌરવ અપાવ્યું

ગાંધીનગર, તા.૨૨

જીઈબીમાં અધિકારી તરીકે કાર્યરત એવા સીંગલ મધર દિપલ નાણાંવટીના દિકરી ડૉ. કૌષાએ ખુબ જ નાની ઉંમરમાં પોતાની પ્રતિભાના જોરે કેનેડાના આરોગ્ય વિભાગમાં સરકારી નોકરી પ્રાપ્ત કરી પરિવાર અને શહેરનું ગૌરવ વધાર્યુ છે.

જીઈબીમાં ડેપ્યુટી સુપ્રિ. એન્જિનીયર તરીકે ફરજ જાવતા દિપલ નાણાંવટી જાણીતા સીંગર અને એન્કર છે. સાથે જ સીંગલ મધર તરીકેની અઘરી જવાબદારી નિભાવી રહ્યા છે. તેમના બંને બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવી ઉજજવળ ભવિષ્ય તરફ ડગ



માંડી રહ્યા છે. તેમની દિકરી ડૉ. કૌષાએ તો ખુબ જ નાની ઉંમરમાં પરિવારને ગૌરવ અપાવે તેવી સિધ્ધિ મેળવી છે. એમએસ યુનિવર્સિટીમાંથી ફિઝીયોથેરાપીમાં ટોપ કરનાર ડૉ. કૌષાને કેનેડાના ડાયરેકટ પી.આર.મળતા તે હજુ ત્રણ માસ પહેલા જ ટોરેન્ટ પહોંચી હતી. કેનેડા પહોંચ્યાના ત્રણ જ માસમાં તેણે પોતાની આવડત અને પ્રતિભાના જોરે કેનેડાની મીનીસ્ટ્રી ઓફ હેલ્થમાં ઉચ્ચ પદ પર નોકરી મેળવી પરિવાર અને શહેરને ગૌરવ અપાવ્યુ છે. કેનેડાની ગર્વમેન્ટમાં નોકરી મેળવવી ખુબ જ અઘરી હોય છે ત્યારે ડૉ. કૌષા એ તમામ સ્ટાફમાં એક માત્ર ભારતીય હોવાનું પણ ગૌરવ મેળવ્યું છે.

# શહેરના પંચદેવ મંદિર પાસે અને સે.૨૨/૨૩ના અંડરપાસ ફરી ખોલવા માંગ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરને પાટનગર તરીકે વિકસાવાયું ત્યારે શહેરમાં બારેક જેટલા અંડરપાસ બનાવાયેલા હતા જેમાંથી મોટાભાગના કાળક્રમે બંધ થઈ ગયાં અને હાલ માત્ર સે.૨૧થી જુના સચિવાલય તરફ જતો એકમાત્ર અંડરપાસ કાર્યરત છે. બીજી તરફ શહેરની મધ્યમાં ઘ-૪ અને ગ-૪ સર્કલે નવા બે અંડરપાસ વિકસિત કરાયાં છે. જોકે હજુ પણ શહેરમાં વધુ અંડરપાસની જરૂર હોવાથી જૂના બંધ થઈ ગયેલા અન્ડરપાસ પૈકી ઘ-૫ પાસે સે.૨૨/૨૩નો અને પંચદેવ મંદિર સામેનો અંડરપાસ ફરીથી ખોલવા જોઈએ તેવી માંગ પ્રવર્તી રહી છે.

ગાંધીનગરના સેવાભાવી વરિષ્ઠ અગ્રણી મિલિન્દ ગુપ્તેના જણાવ્યાં અનુસાર અત્યારના વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ-૨૦૦૮ના પ્રારંભે તેમણે સૂચન કર્યુ હતું કે ગાંધીનગર શહેર અંડરપાસનું શહેર બનવું જોઈએ. જૂના અંડરપાસ જે બંધ થઈ ગયેલા છે તેને વ્યવસ્થિત સમારકામ કરીને ફરી ખોલી શકાય તેમ છે. આ જુના અન્ડરપાસ પૈકી ઘ-૫ પાસે સે.૨૨/૨૩નો અને પંચદેવ મંદિર સામેનો અંડરપાસ ફરી ખોલવો જોઈએ તેવી માંગ વધી રહી છે. આ બન્ને અન્ડરપાસ ઘણા સમય પહેલા બનેલા છે અને તેની નિશાનીરૂપ સિમેન્ટની પાળ પણ બનાવેલી છે. જે તે સમયે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ને આ અન્ડરપાસ ફરી ખોલવાનો વિચાર ગમ્યો હતો પરંતુ તેનો ખર્ચ વધુ આવે તેવું જણાવી જવાબદાર વિભાગે પ્રસ્તાવ બંધ રાખ્યો હતો. હવે ચૌદ વર્ષ પછી ફરી એ જ પ્રક્રિયા શરૂ થઈ છે જેનો ખર્ચ ખૂબ વધુ થઈ રહી છે જો તે જ વખતે આ અંડરપાસ ખોલાયાં હોત તો ઘણા અકસ્માત પણ નિવારી શકાયા હોત.

# સાયન્સસિટીના નેચર પાર્ક ખાતે યોગ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત સાયન્સ સિટી ખાતે નેચર પાર્કમાં સવારે ૭ થી ૯ દરમિયાન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ૮મી આવૃત્તિ "માનવતા માટે યોગ" થીમ સાથે ઉજવામાં આવી હતી. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાત સાયન્સ



સિટી ખાતે યોગના મહત્વને પ્રાધાન્ય આપવાના હેતુથી વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'ફિટ ઈન્ડિયા'ના સંકલ્પને સાર્થક કર્યો હતો. સાયન્સ સિટીના અધિકારીઓ અને સભ્યો પણ આ ઉજવણીમાં ઉત્સાહભેર જોડાયાં હતા.

## સ્વધાર ગૃહ નારી સરંક્ષણ ગૃહ ખાતે યોગ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૨

આઠમા વિશ્વ યોગ દિવસની સ્વધાર ગૃહ-નારી સરંક્ષણ ગૃહ ખાતે યોગના મહ્ત્વને પ્રાધાન્ય આપવાના હેતુથી વિશ્વ યોગ દિવસની સંસ્થાના પરિસરમાં ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં બહેનોને યોગ-પ્રાણાયામ અને ધ્યાનથી માનસિક શાંતિ અને હકારાત્મકતા વધે છે.

# મુખ્ય સચિવ પંકજકુમાર રાંદેસણમાં પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવશે

**પ્રવેશોત્સવમાં એ, બી, અને સી ગ્રેડ મેળવનાર શાળાઓમાં મહાનુભાવો જશે : ૩૨ જેટલી શાળાઓમાં ૧૦ થી ઓછા બાળકો પ્રવેશ પાત્ર**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં આજથી ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે. આ માટે શિક્ષણ તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે રાજ્યના મુખ્ય સચિવ પંકજકુમાર આજે રાંદેસણ ગામેથી શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવશે. આ શાળાને ગુણોત્સવમાં સી ગ્રેડ મળ્યો હતો. ૮ જ બાળકો પ્રવેશ પાત્ર છે. આ પછી તેઓ સરગાસણ અને તારાપુરમાં પ્રવેશોત્સવ કાર્યક્રમમાં જોડાવાના છે.

શાળા પ્રવેશોત્સવમાં મહાનુભાવોને આમ તો બી ગ્રેડ ગુણોત્સવમાં પ્રાપ્ત કરેલ સ્કૂલો ફાળવવામાં આવી છે આમ છતાં ૧૪ જેટલી સી ગ્રેડ મેળવનાર શાળાઓ પણ ફાળવવામાં આવી છે. જિલ્લામાં મહાનુભાવોને ફાળવવામાં આવેલ શાળાઓમાં ૩૨ શાળાઓમાં ૧૦ થી પણ ઓછા બાળકો પ્રવેશપાત્ર હોવાનું જાણવા મળેલ છે. નવા પાલજમાં માત્ર ૧ જ બાળક પ્રવેશપાત્ર છે તો પેથાપુરમાં ૧૨૬ જેટલા બાળકો પ્રવેશપાત્ર છે.

રાજ્યના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના મંત્રી પ્રદીપભાઈ પરમાર દહેગામ તાલુકામાં શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવનાર છે. જિલ્લામાં રાજ્યના પોલીસ વડા આશિષ ભાટિયા અંબાપુર, પોર, કુડાસણ અને ભાઈજીપુરા ખાતે શાળા પ્રવેશોત્સવ કરાવશે.

રાજ્યના મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોશી પ્રાતિયા, આલમપુર અને લેકાવાડા ખાતે શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવનાર છે.

જિલ્લા શિક્ષણતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે ધો. ૧ માં ૧૨,૮૬૮ બાળકો પ્રવેશપાત્ર છે જ્યારે આંગણવાડીમાં ૫૨૮૦ બાળકો પ્રવેશપાત્ર છે તેમને આ પ્રવેશોત્સવ દરમ્યાન પ્રવેશ કરાવવામાં આવશે. આ પ્રવેશોત્સવ માટે ગાંધીનગર શહેરમાં પાંચ આઈએએસ, બે આઈએફએસ તેમજ એક ઉપ કુલપતિ જોડાવાના છે. ગાંધીનગર શહેરમાં પ્રવેશોત્સવ માટે ૧૦ રૂટ તો જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૫૬ રૂટ નિયત કરવામાં આવ્યા છે.



સ્માર્ટસીટી અંતર્ગત શહેરને ૨૪ કલાક પાણી આપવાની યોજના શરૂ કરાઈ છે. શહેરની ગટર વ્યવસ્થાનું પણ આધુનીકરણ થઈ રહ્યું છે. આ બંને પ્રોજેક્ટ સંદર્ભે રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. જેમાં પ્રોજેક્ટના ડેવલપમેન્ટ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# એએમસીના સહયોગથી યુડીઝે યોગ દિવસ ઉજવ્યો



ગાંધીનગર, તા.૨૨

ડીજીટલ ટ્રાન્સફોર્મેશન એન્ડ ટેકનોલોજી સર્વિસીસ કંપની કે જે કેનેડા, યુકે, માલ્ટા અને ભારતમાં હાજરી ધરાવે છે જેના દ્વારા મંગળવારે પ્રહલાદનગર ગાર્ડનમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી જાહેર જનતા માટે યોગ સમારંભ યોજીને આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ યોગ સમારંભમાં યુડીઝ સોલ્યુશન્સના કર્મચારીઓ ઉપરાંત નાગરિકોએ પણ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ પ્રસંગે યુડીઝ સોલ્યુશનના સહસ્થાપક અને ડિરેક્ટર પ્રતિક પટેલે જણાવ્યું હતું કે ‘‘યોગ શરીર, માનસ અને આત્મા માટે સારી પ્રવૃત્તિ છે. દુનિયાભરના લોકો યોગને અનુસરી રહ્યા છે તે ભારત માટે ગૌરવની બાબત છે. યોગ કરવાનું શરૂઆતના દિવસોમાં મુશ્કેલ લાગે તો પણ શિસ્ત અને કટિબધ્ધતા સાથે વ્યક્તિ તેમાં સારા લાભ મેળવી શકે છે.’’

# પાટનગરમાં ગ્રાન્ટેડ સ્કૂલના શિક્ષકો કોચિંગ ક્લાસ ચલાવતા હોવાની ફરિયાદ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરમાં સરકારી ગ્રાન્ટેડ સ્કૂલના શિક્ષકો દ્વારા ખુલ્લેઆમ ખાનગી કોચિંગ ક્લાસ ચલાવતા હોવા બાબતે સે.૨૩એમાં રહેતા દશરથસિંહ ખેર નામના વ્યક્તિએ શિક્ષણમંત્રી સમક્ષ લેખિત રજુઆત કરી છે. આ રજૂઆતમાં તેમણે જણાવ્યું છે કે સરકારી ગ્રાન્ટેડ સ્કૂલના શિક્ષકો ખાનગી ટયુશન ક્લાસ કે કોચિંગ ક્લાસમાં ભણાવી શકે નહીં તેવા સરકારનો આદેશ હોવા છતાં પણ આ શિક્ષકો તમામ નિયમો નેવે મુકી કાયદાનું ઉલ્લંઘન કરી કોઈ પણ જાતના ડર વિના ખાનગી કોચિંગ ક્લાસ ચલાવે છે એટલું જ નહીં અમુક શિક્ષકો તો એવું પણ કહી રહ્યાં છે કે તેઓ આવું કરવા માટે તેમના પ્રિન્સિપાલને હપ્તા આપી રહ્યાં છે જે અધિકારીને પંહોચાડે છે અને ચુંટણી નજીક હોવાથી તેમના પર કોઈ જ પગલાં જૂન કે જુલાઈ મહિનામાં લેવામાં આવશે નહીં તેવું આ શિક્ષકોને તેમના પ્રિન્સિપાલ દ્વારા જણાવવામાં આવ્યું છે. દશરથસિંહ ખેરે તેમની આ અરજીમાં શહેરની કેટલીક જાણીતી શાળાઓના શિક્ષકોના નામ અને તેઓ જે ખાનગી કોચિંગ ક્લાસમાં ભણાવી રહ્યાં છે તેની વિગત પણ આપી છે, જેઓ શાળામાં જે વિદ્યાર્થીઓ તેમના ખાનગી ક્લાસમાં જોડાતા નથી તેમને યેનકેન પ્રકારે હેરાન કરી રહ્યાં છે અને સ્કૂલમાં લેવાતી પરીક્ષામાં ઓછા માર્ક્સ આપીને ઈન્ટરનલ ગુણ ઓછા આપવા તેમજ વર્ગમાં વિદ્યાર્થીને ઉતારી પાડવા કે અન્ય રીતે હેરાન કરવાની રીત રસમો પણ અજમાવી રહ્યાં છે જેથી તેમની સામે સરકારે કડક પગલા ભરવા જોઈએ તેવી માંગ દશરથસિંહ ખેરે કરી છે.

# જિલ્લામાં બેંકો નકારાત્મકતા છોડી કલ્યાણ યોજનાની અરજીઓનો નિકાલ કરે : કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લામાં કેન્દ્ર પુરસ્કૃત અને રાજ્ય પુરસ્કૃત ધિરાણ યોજનાઓના લાભાર્થીઓ માટે બેંકોના નકારાત્મક અભિગમ અંગે આજે પણ જિલ્લા કલેક્ટરે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

જિલ્લાની ડી.એલ.સી.સી.ની આજે કલેક્ટર કચેરી ખાતે યોજાયેલ બેઠકમાં જિલ્લાનો ક્રેડિટ-ડિપોઝીટ રેસિયો ૬૦ ટકા હોવાનું જણાવવામાં આવ્યુ છે.

માર્ચ-૨૦૨૨ અંતિત વર્ષનું આખરી ચિત્ર આજે ડી.એલ.સી.સી. બેઠકમાં રજુ કરવામાં આવ્યુ હતુ. જિલ્લા કલેક્ટરે કૃષિક્ષેત્રે ધિરાણ વધારવા પર ભાર મુક્યો હતો. ડિપોઝીટમાં ૭.૬૫ ટકા જેટલો વધારો થયો હોવાનું બેંકો દ્વારા જણાવવામાં આવ્યુ હતુ.

કિસાન ક્રેડીટ કાર્ડ અને કૃષિ ધિરાણનો ગ્રોથ સીંગલ ડિઝીટમાં હોવાથી જિલ્લા કલેક્ટરે નારાજગી વ્યક્ત કરી હતી. મુદ્રા યોજનામાં પણ સંતોષજનક કામગીરી નહિ હોવા ઉપરાંત બાજપાઈ બેંકેબલ સ્વરોજગાર યોજનામાં ૪૯૦ થી વધુ અરજીઓ બેંકોમાં પડતર હોવાની વાતને લઈ કલેક્ટરે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

ફાયનાન્સીયલ લિટરસી કેમ્પોનું આયોજન ગ્રામીણકક્ષાએ વધુ કરવામાં આવે તેમ પણ કલેક્ટરે સૂચવ્યુ હતુ. બેંકોમાં વધતા જતા એન.પી.એ.ને લઈ પણ તેમણે ચિંતા વ્યક્ત કરી હતી.

જિલ્લા કલેક્ટરે બેંકોને નકારાત્મક અભિગમ છોડી કલ્યાણલક્ષી યોજનાઓના અરજદારોને ઝડપથી ધિરાણ પ્રાપ્ત થાય તે જોવા આગ્રહ કર્યો હતો. મધ્યમ, નાના અને લઘુ ઉદ્યોગોને પણ ધિરાણ સરળતાથી મળી રહે તે જોવા કહ્યુ હતુ. અટલ પેન્શન યોજના, પ્રધાનમંત્રી બીમા સુરક્ષા યોજનાની કામગીરી બેંકો સઘન બનાવે તેમ તેમણે સૂચવ્યુ હતુ.

આ બેઠકમાં જિલ્લાની વિવિધ બૌકના અધિકારીઓ અને જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બાલવા-માણસા માર્ગને ફોરલેનની દરખાસ્ત માત્ર ૧ જ મહિનામાં મંજૂર

**બાલવા-માણસા માર્ગના ફોરલેન થવાથી ગાંધીનગર જિલ્લાના ૬ ગામોના ૨ લાખ ૩૦ હજાર જેટલા ગ્રામજનોને અવર-જવર માટે વધુ સુવિધા સભર રોડનો આવનારા ભવિષ્યમાં લાભ મળશે**

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાની ત્વરિત નિર્ણાયકતાનો વધુ એક પરિચય આપતાં ખૂબ જ ઝડપી નિર્ણય લઈને બાલવા-માણસા રોડને ફોરલેન કરવા માટેની ૪૦ કરોડ રૂપિયાની દરખાસ્તને માત્ર ૧ જ મહિનાના ટુંકા સમયગાળામાં મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીએ આ માર્ગને ફોરલેન કરવાના કામો માટેની આપેલી મંજૂરીને પરિણામે ગાંધીનગર જિલ્લાના ૬ ગામોની અંદાજે ૨ લાખ ૩૧ હજાર જનસંખ્યાને ભવિષ્યમાં અવર-જવર માટે વધુ સુવિધાસભર માર્ગ મળશે. એટલું જ નહિ, મહેસાણા જિલ્લાના તેમજ માણસાથી વિહાર, કડા, કુકરવાડા અને વિજાપુર વચ્ચે આવતા ગામોને પણ આ ફોરલેન રોડનો લાભ આવનારા દિવસોમાં મળશે.

મુખ્યમંત્રીએ આ લોકહિત રજુઆતોનો ત્વરિત સકારાત્મક પ્રતિસાદ આપતાં માર્ગ-મકાન વિભાગને બાલવા-માણસા માર્ગને ફોરલેન કરવાની કામગીરી હાથ ધરવા સૂચનાઓ આપી હતી.

આ હેતુસર માર્ગ-મકાન વિભાગ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂ થયેલી રૂ. ૪૦ કરોડના કામોની દરખાસ્તને તેમણે મંજૂરી આપી છે.

# ભાજપ મીડિયા સેલના પ્રદેશ સહ ઈન્ચાર્જ નિમાયા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર વેપારી અગ્રણી તથા રાજકીય ક્ષેત્રના પાયાના કાર્યકર તેમજ સામાજિક બંધુ ભાવના નિર્મળ સ્વભાવ વ્યક્તિત્વ વિજયકુમાર આર. પટેલ (રહે. પ્લોટ નં.૩૫૦/૧, સેક્ટર ૭/એ, ગાંધીનગર)ને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી કિસાન મોરચાના મીડિયા સેલના પ્રદેશ સહ ઈન્ચાર્જના પદ પર નિમણૂંક કરવામાં આવી છે.



# આદ્રા નક્ષત્રમાં વાવણી કરવા ખેડૂતોને સલાહ : અંબાલાલ પટેલ

**વરસાદથી ખેડૂતોમાં ખુશી પ્રસરી : ગીર દેવળી, સિધાજ, વડનગર, દેવલપુર, છાછર અને ઘાંટવડમાં વરસાદ થયો છે જેને લઇ ખેડૂતોમાં ખુશી પ્રસરી છે**

ગાંધીનગર ,તા.૨૨

ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા અને કોડીનાર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ થયો છે. આજે બપોર બાદ ગીર ગઢડા તાલુકામાં ધોધમાર વરસાદ થયો છે, જ્યારે ગરમીના ઉકળાટ વચ્ચે સાંજના સમયે કોડીનારના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ થયો છે. જિલ્લાના ગીર દેવળી, સિધાજ, વડનગર, દેવલપુર, છાછર અને ઘાંટવડમાં વરસાદ થયો છે. જેને લઈ ખેડૂતોમાં ખુશી પ્રસરી છે.

સાબરકાંઠાના વિજયનગરમાં પણ ધોધમાર વરસાદ પડ્યો, વિજયનગરના બાલેટા, કોડિયાવાડા અને ચિઠોડામાં વરસાદ વરસતા ખેતરોમાં પાણી ભરાઇ ગયા છે. રાત્રિ દરમિયાન દોઢ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

અરવલ્લી જિલ્લાના ભિલોડાની હાથમતી નદીમાં નવા નીરનું આગમન થયુ છે. રાજસ્થાન-વિજયનગરમાં સારા વરસાદથી નદીમાં નવા નીરના વધામણા થયા છે. નદીના નવા નીર ચુનાખણ,ઉબસલ સુધી પહોંચ્યા છે. નવા નીરના આગમન થતા ભિલોડા મામલતદારે તંત્રને સાવચેત રહેવા સૂચના આપી છે. આ ઉપરાંત નાગરિકોને નદી કિનારાથી દૂર રહેવા અપીલ કરવામાં આવી છે.

હવામાન વિભાગે ગુજરાતમાં વરસાદને લઈને આગાહી કરતા જણાવ્યું કે, ’રાજ્યમાં બે દિવસ બાદ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ વરસશે. તારીખ ૨૪થી ૨૬ જૂનના રોજ વલસાડ, નવસારી, ડાંગ, સુરત, વાપી અને દાદરા-નગર-હવેલીમાં ભારે વરસાદ વરસશે.’ બીજી બાજુ હવામાન વિભાગે ઉત્તર ગુજરાત અને કચ્છમાં પણ સામાન્ય વરસાદ વરસશે, ’રાજ્યમાં આગામી બે દિવસ અમદાવાદ અને ગાંધીનગરમાં પણ છૂટોછવાયો વરસાદ વરસશે. જો કે, અમદાવાદમાં હજુ વરસાદની રાહ જોવી પડશે. ૨૪ જૂનના રોજ થંડરસ્ટ્રોમ સાથે વરસાદ વરસે તેવી શક્યતા. તમને જણાવી દઈએ કે, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૦ જિલ્લા અને તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે, જેમાં સૌથી વધુ વરસાદ સાબરકાંઠાના વિજયનગરમાં ૪૨ મિમી અને વિરમગામમાં ૨૩ મિમીથી વધુ વરસાદ વરસ્યો.

મહત્વનું છે કે, ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં છેલ્લા પાંચેક દિવસથી દૈનિક છૂટાછવાયો વરસાદ પડી રહ્યો છે.

# રાજ્ય યોગ બોર્ડે મનપાના તમામ વોર્ડમાં યોગ નિદર્શનની સેવા પૂરી પાડી




ગાંધીનગર, તા.૨૨

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા ગાંધીનગરમાં વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં મહાનગરપાલિકાના મુખ્ય કાર્યક્રમ ઉપરાંત તમામ વોર્ડમાં યોજાયેલા કાર્યક્રમમાં યોગ નિદર્શનની સેવા પૂરી પાડવામાં આવી હતી. આ અંતર્ગત સ્વર્ણિમ પાર્ક ખાતે યોગ કોચ એન્ડ કોઓર્ડિનેટર ભાવના જોષી અને તેમની ટીમ જેમાં ડો. પરાગી ગાંધી, પાયલ પટેલ, રણવીર સિંહ અને વિશાલ પટેલ દ્વારા યોગ પ્રોટોકોલ અનુસાર યોગ નિદર્શન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત શહેરના અક્ષરધામ સહિત તમામ ૧૧ વોર્ડમાં યોજાયેલા યોગ-પ્રાણાયામના કાર્યક્રમમાં જે યોગ ટ્રેનરોએ સેવા આપી હતી તેમાં વોર્ડ નં.૧માં સેક્ટર ૨૫ ખાતે મનોજભાઈ તથા હર્ષાબેન, વોર્ડ નં.૨માં પેથાપુર ખાતે ચંદનબેન, સપનાબેન અને કાજલબેન, વોર્ડ નં.૩માં સે.૨૭ખાતે ભાવના રાઠોડ અને સોનલ પંડ્યા, વોર્ડ નં.૪માં સે.૨૯માં જગદીશભાઈ અને મયુરભાઈ, વોર્ડ નં.૫માં સે.૨૨માં નીલાબેન પરના અને સ્નેહાબેન પટેલ, વોર્ડ નં.૬માં સે.૧૨માં રમણભાઈ પરમાર, વોર્ડ નં.૭માં વાવોલ ખાતે પૂનમબેન ગજ્જર અને સચીનભાઈ, વોર્ડ નં.૮માં સે.૪ ખાતે આશાબેન અને કિનારબેન રાણા, વોર્ડ નં.૯માં સે.૩ન્યુ ખાતે રમેશભાઈ પંડયા, વોર્ડ નં.૧૦માં સે.૬ ખાતે પૂનમ વાળા અને ઉષાબેને તેમજ વોર્ડ નં.૧૧માં ભાટ ખાતે ઈલાબેન વોરા અને પૂનમબેને યોગદાન તરફથી યોગ નિદર્શનની સેવાઓ આપી હતી. આ ઉપરાંત અક્ષરધામ ખાતે યોગેશભાઈ જણસારી, ડો યશવંત છાટબાર અને ખુશી પટેલે કરાવ્યાં હતા.

# રાજ્યના યુવક-યુવતીઓ માટે હિમાલયમાં નિઃશુલ્ક શિખર આરોહણનું આયોજન

ગાંધીનગર, તા. ૨૨

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની માઉન્ટ આબુ ખાતે કાર્યરત સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા દ્વારા સંભવિત ૨૫ જુલાઈ, ૨૦૨૨થી ૨૩ ઓગષ્ટ ૨૦૨૨ દરમિયાન હિમાલય વિસ્તારમાં નિઃશુલ્ક શિખર આરોહણનું આયોજન કરવામાં આવનાર છે, જેમાં ભાગ લેવા ઈચ્છુક ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક-યુવતીઓએ તા. ૩૦ જૂન, ૨૦૨૨ સુધીમાં અરજી કરવાની રહેશે.

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના કમિશનરશ્રીની યાદીમાં જણાવ્યા અનુસાર તાલીમમાં જોડાવવા ઈચ્છતા યુવક-યુવતીઓએ સાદા કાગળમાં અરજી કરવાની રહેશે. અરજીમાં

**ભાગ લેવા ઇચ્છુક ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક-યુવતીઓએ તા. ૩૦ જૂન, ૨૦૨૨ સુધીમાં અરજી કરવાની રહેશે**

પોતાનું પુરું નામ, સરનામું, ટેલિફોન નંબર, જન્મ તારીખ, ઈ-મેઈલ એડ્રેસ, શૈક્ષણિક લાયકાત (ધોરણ-૧૨ પાસનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ) વગેરે દર્શાવવાનું રહેશે.

તદ્ઉપરાંત અરજીની સાથે શારીરિક તંદુરસ્તી અંગેનું તબીબી પ્રમાણપત્ર, ગુજરાતના વતની હોવાનો દાખલો, વાલીની સંમતિ, જન્મ અને રહેઠાણનો પુરાવો, કોવિડના બન્ને ડોઝ લીધાનું પ્રમાણપત્ર, ખડક ચઢાણનો કોચિંગ કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કર્યાનું આ સંસ્થાના હિમાલય ભ્રમણ કાર્યક્રમમાં ભાગ લીધા અંગેનું પ્રમાણપત્ર, બરફના બેઝિક, એડવાન્સ તથા અન્ય કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર તથા શિખર આરોહણ અભિયાનમાં ભાગ લીધા તથા સફળતાપૂર્વક પુર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર સામેલ રાખવા જરૂરી છે.